॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર સુદ : ૦૪ | સોમવાર | તા.: ૨૮.૧૧.૨૦૨૨ | SDP No. : 948 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

સરદાર પટેલ રીજીયન ચરોતર વિભાગ કારોબારી સભા

કારોબારી સભા માં ઉપસ્થિત હોદેદાર

તા. 27/11/2022 ના રોજ શ્રી ABKKP યુવાસંઘ સરદાર પટેલ રીજીયન ચરોતર વિભાગ ની કારોબારી સભા સરદાર વલ્લભભાઈ પટેલ ની ભૂમિ પર ચરોતર વિભાગ ના યંગ પ્રભારી મહેન્દ્ર ચૌહાણ ના અધ્યક્ષ સ્થાને શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળ, આણંદ ની યજમાની હેઠળ શ્રી ઉમા ભવન, આણંદ મુકામે સવારે 9.00 કલાકે યોજવવા મા આવેલ.

સર્વ પ્રથમ દરેક યુવા મંડળ ની ઉપસ્થિતી ની નોંધ લેવામાં આવેલજેમાં બધા યુવા મંડળો ઉપસ્થિત નોંધાયેલ,

સેક્રેટરી નિલેશ દિવાણી દ્વારા સ્વાગત સાથે સ્થાન ગ્રહણ કરાવી એજન્ડા જણાવી પ્રભુ પ્રાર્થના કરાવી સભાનો શુભારંભ કરાવેલ.

આમંત્રણ ને માન આપી ને રીજીયન યુવા સુરક્ષા કવચ યોજના PDO શૈલેશભાઈ સાંખલા, તથા રીજીયન ટ્રેઝરર ગૌતમ પોકાર ,ઉપસ્થિત રહ્યા હતા

- વિભાગીય જોઇન્ટ સેક્રેટરી નીતેશભાઇ ઉપસ્થિત સર્વે ને શબ્દો રૂપી પુષ્પો થી આવકાર આપેલ.
- આપણી વચ્ચે થી વિદાય લઈ ગયેલ દિવંગત સ્વજનો તથા મોરબી ખાતે બનેલી દુર્ઘટના મા જે લોકો ભોગ બન્યા તેઓ ને શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.
- વિભાગીય મિશન ચેરમેન વસંત લીંબાણી દ્વારા સેન્ટ્રલ યુવાસંઘ તેમજ રીજીયનની ગતિવિધિ ની જાણકારી આપેલ, તથા હૈદરાબાદ ખાતે વોલીબોલ તથા ક્રિકેટ ટુર્નામેન્ટ ની માહિતી આપેલ સાથે બીજું જણાવેલ કે રદ્દી સે સમૃદ્ધિ ની વિષે જણાવેલ
- વિભાગીય સેક્રેટરી દ્વારા હિસાબો ની રજૂઆત અને ગત સમય માં યોજાયેલ વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટ ના હિસાબો ની જાણકારી આપવામાં આવેલ.
- વિભાગીય સેક્રેટરી નિલેશ દીવાણી દ્વારા આગામી કાર્યક્રમ માટે સૂચન કરવા જણાવેલ
- પ્રભારી મહેન્દ્ર ચૌહાણ દ્વારા હોસાલો કિ ઉડાન માટે ની ચર્ચા કરેલ અને કાર્યક્રમ ટાઇમ ને બજેટમાં અનુકુળ ના આવતા પોગ્રામ મોકૂફ રાખેલ.
- સર્વે મિત્રો ના સૂચન ને ધ્યાન મા લઈ વોલીબોલ ટુર્નામેન્ટ અને થનગનાટ કાર્યક્રમ કરવા જણાવેલ અને કઈ તારીખે કરવો તે પણ નક્કી કરેલ
- ચેરમેન ઉદબોદન માં પ્રભારી મહેન્દ્ર ચૌહાણ દ્વારા આગામી કાર્યક્રમ માટે સર્વે મંડળ નો સાથ સહકાર મળે તે માટે થનગનાટ ,વોલીબોલ નાટક ડાયરો જેવા કાર્યક્રમો કરવામાં આવશે અને ફંડ વ્યવસ્થા ની પણ વાત કરેલ,સારા પ્રમાણ મા મીટીંગ મા સંખ્યા હાજર રહેતા આભાર માનેલ. આગામી સમયમાં આપણે સહુ મિત્રો સાથે મળી સમાજ ઉપયોગી કાર્યક્રમો કરીશું તેવું જણાવેલ.
- આભાર વિધિ વિભાગીય સેક્રેટરી હિતેશ ચૌહાણ દ્વારા કરવામાં આવેલ. આભાર વ્યક્ત કર્યા બાદ રાષ્ટ્ર ગાન ગાઈ સભાને પૂર્ણ જાહેર કરેલ.
- સભાની સમાપ્તિ બાદ સહુ મિત્રો અલ્પાહાર લઈ પોતાના ગતવ્ય સ્થાને પ્રસ્થાન કરેલ.
- સભાનું સંચાલન વિભાગીય સેક્રેટરી નીલેશ દીવાણી દ્વારા કરવામાં આવ્યું.

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

ભારત ઉજવી રહ્યું છે ઇન્ટરનેટની 25મી વર્ષગાંઠ

સમગ્ર દેશમાં 15મી ઑગસ્ટના રોજ સ્વતંત્રતા દિનની હર્ષોલ્લાસપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી, પરંતુ આ વર્ષના સ્વતંત્રતા દિન સાથે એક સુવર્ણ અધ્યાય જોડાયેલો છે. 25 વર્ષ પહેલા આ દિવસે દેશમાં ઇન્ટરનેટના પ્રારંભ થતાં આ વર્ષને ભારતમાં ઇન્ટરનેટના પ્રારંભનું રજત જયંતિ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે.

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને માહિતી સંચાર મંત્રી રવિશંકર પ્રસાદે જણાવ્યું હતું કે, 'આ 15મી ઑગસ્ટે, ભારતમાં ઇન્ટરનેટના આગમનના 25 વર્ષ પૂર્ણ થયા છે. 687.6 મિલિયન ઇન્ટરનેટ વપરાશકારો સાથે, ભારત વિશ્વમાં સૌથી ઓછા ઇન્ટરનેટના દરો ધરાવતાં દેશો પૈકીનો એક છે. ડિજિટલ ઇન્ડિયા, CSC અને ભારતનેટ જેવી પહેલોએ ઇન્ટરનેટની શક્તિના ઉપયોગ થકી સામાન્ય નાગરિકોને સશક્ત બનાવવામાં યોગદાન આપ્યું છે.'

ભારતમાં ઇન્ટરનેટ સેવાની શરૂઆત કરવાનો શ્રેય વિદેશ સંચાર નિગમ લિમિટેડ (VSNL)ને આપવામાં આવે છે. પ્રારંભિક સમયગાળામાં ઇન્ટરનેટ સેવાઓ ઘણી મોંઘી હતી પરંતુ છેલ્લા પાંચ વર્ષોમાં, ગળાકાપ પ્રતિસ્પર્ધાના કારણે ઇન્ટરનેટ વપરાશકારોની સંખ્યામાં વધારા સાથે ઇન્ટરનેટના દરોમાં લગભગ 96 ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

વર્ષ 2010માં ઇન્ટરનેટના આશરે 10 કરોડ જેટલા વપરાશકારો હતા. આજે તેના 50 કરોડ વપરાશકારો છે, જે પાંચ ગણો વધારો દર્શાવે છે. આગામી પાંચ વર્ષમાં આ સંખ્યા 100 કરોડને સ્પર્શી જાય તેવી પૂરેપૂરી સંભાવના છે. ટેલિકોમ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (TRAI)ના અહેવાલમાં ભારતમાં ઇન્ટરનેટના વપરાશ અંગે રસપ્રદ તથ્યો ઉજાગર થયા છે. 2014માં કુલ વાયરલેસ ડેટાનું પ્રમાણ માત્ર 82.8 કરોડ GB હતું. 2018માં તેનો વપરાશ વધીને 4,640.4 કરોડ GB પર પહોંચી ગયો હતો.પરંતુ આ સંખ્યા આટલે ન અટકતાં 2019ના અંત સુધીમાં અધધ 5,491.7 કરોડ GB પર પહોંચી ગઇ છે. ■



છેલ્લા 5 વર્ષોમાં ડેટા 96 ટકા સસ્તો થયો

વર્ષ	ડેટા દર
2014-15	269
2015-16	226
2016-17	75
2017-18	19
2018-19	11

(આશરે બે તૃતિયાંશ સબસ્ક્રાઇબર્સ 29 વર્ષની ઓછી ઉમરના છે.)

સ્રોતઃ - ટ્રાઈ

ગામડાંઓમાં વધારે વપરાશકર્તાઓ

સ્માર્ટફોનના વધતાં વપરાશ અને ઇન્ટરનેટના દરોની ઘટી રહેલી કિંમત સાથે ગ્રામીણ ભારતે ઇન્ટરનેટ ડેટાના વપરાશ મામલે શહેરી ભારતને પણ પાછળ છોડી દીધું છે. ગામડાંઓ શહેરો કરતાં 10 ટકા વધારે વપરાશકર્તાઓ ધરાવે છે. શહેરોમાં આશરે 21 કરોડ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરી રહ્યાં છે, જ્યારે ગામડાંઓમાં આ આંકડો 23 કરોડ પર પહોંચી ગયો છે. સમગ્ર વિશ્વમાં આશરે 380 કરોડ લોકો ઇન્ટરનેટનો વપરાશ કરી રહ્યાં છે ત્યારે ભારત ઇન્ટરનેટના આશરે 50.40 કરોડ જેટલા વપરાશકારો ધરાવે છે.

ન્યૂ ઈન્ડિયા સમાચાર | 3

રદ્દી સે સમૃદ્ધિ એજ મારો સંકલ્પ મારી સમાજ ને મારું અર્પણ

શ્રીસમાજ નો ઐતિહાસિક સંકલ્પ. સનાતની શતાબ્દી મહોત્સવ.

તા.૧૧/૧૨/૧૩/૧૪ મે ૨૦૨૩. જે અકલ્પનીય સંકલ્પ નિર્ધાર રદ્દી થી સમૃધ્ધી થી ઉજવવા જઇ રહ્યા છીએ ત્યારે.

આ મહોત્સવ માં

(૧) શ્રી સમાજ નું છઠ્ઠ અધિવેશન..

જેમાં ૧૯૨૦ માં પ્રથમ સનાતની અધીવેશન નું આયોજન થયું ત્યાર થી અત્યાર સુધી આપણાં વડીલો ની સંઘર્ષ ગાથા કેટ કેટલી મુશ્કેલ પરિસ્થિતિ માંથી સમગ્ર જ્ઞાતિજનો માં જાગૃતિ આવી ને સનાતન ધર્મ માં પાછાં વાળ્યાં. આ સર્વ ગતિવિધિઓ ને ગર્વ થી યાદ કરવું છે. રીત રીવાજો, નિતી નિયમો ની સમીક્ષા કરી વર્તમાન સમય ને અનુરૂપ સમગ્ર ભારતવર્ષ માં રહેતા જ્ઞાતિજનો માં સંસ્કાર, સંસ્કૃતિ નું જતન થાય અને પાળી શકે તેવા સૌ ના સહયોગ થી અમલ માં લાવવાં છે. સનાતની જાગૃતિ માટે સૌના સંગાથે પરિણામ લક્ષી નિર્ણયો લેવા છે. આવનારા સમય માં સંસ્કાર, સંસ્કૃતિ, સદકાર્ય, સંગઠન નો મજબૂત વારસો ભાવી પેઢી ને આપવા નો નિર્ધાર કરવો છે. સમાજ ના સમગ્ર જ્ઞાતિજનો નો સર્વાંગી વિકાસ થાય તેવા પ્રયાસ કરવા છે.

(૨) યુવાસંઘ સ્વર્ણિમ ઉત્સવ

યુવાસંઘ ને પચાસ વર્ષ થતાં હોય તેનાં સંસ્મરણો વાગોળવા છે. યુવા ધન ની શક્તિ, કૌશલ્યને સમાજ વિકાસ માં જોડવા નો પ્રયાસ કરવો છે. સમાજ ના ભાવિ કર્ણધારો તૈયાર કરવા છે. *"વડીલો ની આંખ, યુવાનો ની પાંખ" ને ચરિતાર્થ કરી સમાજ ની વૈચારિક વિકાસ ને અમલ મા લાવી બંને ના મજબુત સંકલન થકી સમાજ ના છેવાડા ના જ્ઞાતિ જનો સુધી વિકાસ અને કલ્યાણ ના કાર્યો કરવાંનો સંકલ્પ કરવો છે.

(૩) મહિલા સંઘ રજત જયંતિ પર્વ

મહિલા સંઘ ને પચીસ વર્ષ પુરાં થતાં હોય તેની ફળશ્રુતિ યાદ કરવી છે. આવનારા સમય માં સાચાં અર્થ માં સમાજ વિકાસ કાર્યો માં સાથે જોડી પરીણામલક્ષી કાર્યો કરવા છે. કહેવાય છે ને "પુત્ર ના લક્ષણ પારણે" પારણાં માંથી મજબુત મનોબળ અને સમાજ ભાવના ધરાવતું નેતૃત્વ તૈયાર કરવા નો પ્રયાસ કરવો છે.

આ બધું જ ચાર દિવસીય મહોત્સવ થકી ન ભુતો ન ભવિષ્યતિ સમાજ ના ભાવી પેઢી ને ઐતિહાસિક વારસો આપવા નો નમ્ર પ્રયાસ કરવા જઇ રહ્યા છીએ ત્યારે આ બધું જ રદ્દી થી સમૃધ્ધી સંકલ્પ થી ચરિતાર્થ કરવું છે, તો કોની રાહ જોઇ રહ્યા છીએ. ભારત વર્ષ માં રહેતા માં ઉમિયા નું સંતાન પ્રત્યેક વ્યક્તિ દીઠ ૧૦ કિલો પસ્તી આવનારા પાંચ મહિના માં મારી સમાજ ના વિકાસ નાં કાર્યો માટે શ્રીસમાજ નેઅર્પણ કરવાં નો સંકલ્પ કરી સમગ્ર ખંડ, ઝોન સમાજ, ઘટક સમાજ, થી વ્યક્તિ પ્રત્યેક વ્યક્તિ ઓછાં માં ઓછી ૧૦ કિલો પસ્તી આપે તે માટે ની માહિતી પણ આપવામાં આવેલ છે. તો પહેલો તબક્કો પૂરો થવા માં છે તો આયોજન માં જોડાયેલ તમામ સમાજ ના જવાબદાર કર્ણધારશ્રીઓ ને આગ્રહ ભરી વિનંતી છે કે રદ્દી થી સમૃધ્ધી ના પ્રોજેક્ટ ચેરમેન, ધીરુભાઈ અમરાવતીએ આપેલ નમુના મુજબ તમામ ઝોન નો પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરી ધીરુભાઈ ને મોકલશો. તેમજ હવે પછી ના સમય માં આપણાં લક્ષ પ્રાપ્તિ ના નિષ્ઠા પુર્વક પ્રયાસ કરી રદ્દી થી સમૃધ્ધી સંકલ્પ થકી સમાજ ના મહોત્સવ ને અલૌકિક, ઐતિહાસિક રીતે ઉજવી એક સુનહરે ભવિષ્ય કી ઔર પ્રયાણ કરવા માં ગર્વ થી નિમિત્ત બનીએ એવી નમ્રભાવે વિનંતી સહ અપેક્ષા સાથે.

ધન્યવાદ.

લિ.આપના સેવક.
(સનાતની શતાબ્દી મહોત્સવ આયોજન ચેરમેન)
ગોપાલભાઈ ભાવાણી

રદ્દી સે સમૃદ્ધિમારો સંકલ્પ

શ્રી સમાજનાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણનાં અધિવેશનની સાર્થકતા કાજે મારા પરિવારનું નાનકડું રદ્દીનું યોગદાન *૫૧૧ KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠનનાં સેતુમાં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવની લાગણી અનુભવું છું.

યુવાસંઘ ફેમિલી નંબર - ૨૮૯૮
પરીવાર સભ્ય સંખ્યા - 5
હાલે - થાણા
નામ - મોહનલાલ લખમશી દીવાણી
સેલ નબર - ૯૩૨૧૫૪૫૪૩૨
કચ્છનું ગામ - નવાવાસ દુર્ગાપુર
સમાજનું નામ - થાણા સમાજ
ઝોન સમાજ નું નામ - મુંબઈ ઝોન

રદ્દી સે સમૃદ્ધિમારો સંકલ્પ

મારા જન્મ દિન નિમિતે એક કર્મઠ કાર્યકર અને પદભાર ની ફરજ સ્વરૂપે

શ્રી સમાજ નાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણ નાં અધિવેશન ની સાર્થકતા કાજે મારું અને મારા પરિવાર નું નાનકડું રદ્દી નું યોગદાન ૩૫૧ KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠન નાં સેતુ માં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવ ની લાગણી અનુભવું છું..

યુવાસંઘ ફેમિલી નંબર - ૪૫૮૭
પરીવાર સભ્ય સંખ્યા - 5
હાલે - મેઘપર (બોરિચી) ગાંધીધામ
નામ - જયેશ હસમુખભાઈ ભાદાણી (યુવાસંઘ પ્રચાર અને પ્રસાર, કચ્છ રીજીયન નાં કાર્યકર)
સેલ નબર - ૭૦૧૬૬૧૩૮૩૪
કચ્છનું ગામ - નેત્રા (માતાજીના)
સમાજનું નામ - શ્રી લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ મેઘપર બોરીચી
ઝોન સમાજ નું નામ - ભુજ ઝોને

રદ્દી સે સમૃદ્ધિમારો સંકલ્પ

શ્રી સમાજનાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણનાં અધિવેશનની સાર્થકતા કાજે મારા પરિવારનું નાનકડું રદ્દીનું યોગદાન *૫૧૧ KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠનનાં સેતુમાં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવની લાગણી અનુભવું છું.

યુવાસંઘ ફેમિલી નંબર - ૫૦૧૪૦૫
પરીવાર સભ્ય સંખ્યા - ૧૦
હાલે - થાણા
નામ - મોહનલાલ રવજી રંગાણી
સેલ નબર - ૯૮૨૦૩૩૧૪૯૫/૯૮૩૩૪૧૨૮૬૬
કચ્છનું ગામ - કલ્યાણપર
સમાજનું નામ - થાણા સમાજ
ઝોન સમાજ નું નામ - મુંબઈ ઝોન

રદ્દી સે સમૃદ્ધિમારો સંકલ્પ

શ્રી સમાજનાં વિકાસ અને વ્યવસ્થા અને સનાતની સમજણનાં અધિવેશનની સાર્થકતા કાજે મારા પરિવારનું નાનકડું રદ્દીનું યોગદાન ૫૧૧ KG હું સનાતની શતાબ્દી મહોત્સવ જાજરમાન બને અને આ સંગઠનનાં સેતુમાં મારું યોગદાન અર્પણ કરતા ગૌરવની લાગણી અનુભવું છું.

યુવાસંઘ ફેમિલી નંબર - ૮૨૧૬૨૬
પરીવાર સભ્ય સંખ્યા - ૧૦
હાલે - થાણા
નામ - સ્વ. કિર્તિકુમાર રવજી રંગાણી
સેલ નબર - ૯૮૩૩૨૫૩૧૨૦/૯૧૬૭૭૬૭૩૩૧
કચ્છનું ગામ - કલ્યાણપર
સમાજનું નામ - થાણા સમાજ
ઝોન સમાજ નું નામ - મુંબઈ ઝોન

કચ્છ (પૂર્વ) રીજીયન કર્મભૂમિ ડિવિઝન ચેરમેન કિરણ પોકાર અંજાર, (એડવોકેટ) તેમનો ગત રોજ જન્મદિવસ છે. તો તેમના જન્મદિવસ નિમિત્તે ખૂબ ખૂબ શુભકામનાઓ

તેમના જન્મદિવસ નિમિત્તે સમાજના શતાબ્દી મહોત્સવ નિમિત્તે રદી થી સમૃદ્ધિ ની અંદર 111 kg રદી જમા કરી તેમનો સમાજ પ્રત્યેનો ઋણ અદા કરવા બદલ ખુબ ખુબ શુભેચ્છાઓ પરમ પિતા પરમેશ્વર ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ અને મા ઉમિયા તેમને સ્વસ્થ રાખે મસ્ત રાખે તંદુરસ્ત રાખે તેવી શુભકામનાઓ.

#રદ્દી સે સમૃદ્ધિ આયોજન સમિતિ

#રદ્દી સે સમૃદ્ધિ પ્રોજેક્ટ

DMG રીજીયન & ઝોન સમાજના જુદા જુદા યુવા મંડળની અંદર અત્યારે રદ્દી થી સમૃદ્ધિ નું કાર્ય જોરદાર રીતે થઈ રહ્યું છે, જેમાં અત્યાર સુધી પ્રથમ તબક્કામાં નીચે ના યુવા મંડળ માં રદ્દી એકત્રિત કરવામાં આવી છે..

1) કોલ્હાપુર
2) મહાડ
3) લાન્જા
4) રાજાપુર
5) દેવગઢ
6) સાતારા ઉત્તર વિભાગ
7) મ્હાપસા
8) કરાડ
9) ઈશ્વરપુર લક્ષ્મીનારાયણ
10) કણકવલી
11) રત્નાગીરી લક્ષ્મીનારાયણ
12) મીરજ
13) સાંગલી
14) કુડાળ
15) રત્નાગીરી પાટીદાર
16) ઈચલકરંજી
17) પલુસ
18) શિરોળ
19) ચિપલુણ

વધુ માં વધુ ઘટક સમાજ અને યુવાઓ દ્વારા આ કાર્ય ને પરિપૂર્ણ કરવા કટિબદ્ધ બન્યા છે..

આજ રોજ તારીખ 27/11/2022 રવિવાર ના વહેલી સવારે રામપર (રોહા) અને સાંગનારા ગામના યુવા મિત્રો સાયકલ દ્વારા માં ઉમિયા ના દરબારમાં ઉંઝા મધ્યે દર્શનાર્થે..

નખત્રાણા વેપારી આલમ નો સંપૂર્ણ ટેકો જાહેર

નખત્રાણા વેપારી આલમ નો સંપૂર્ણ ટેકો જાહેર કરીને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રદ્યુમનસિંહ જાડેજા ને મત આપી વિજય બનાવવા ની જાહેરાત સાથે તમામ વેપારીઓએ હાથ ઊંચા કરીને ટેકો જાહેર કર્યો હતોગુજરાતના સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ની ઉપસ્થિતિમાં નખત્રાણા વેપારીની સભા ચેમ્બર્સ ઓફ કોમર્સના હોલ મળી હતી જેમાં પ્રમુખશ્રી બાબુભાઈ ધાનાણી મહામંત્રી શ્રી રાજેશભાઈ પણ અન્ય હોદેદારો દ્વારા પ્રદ્યુમન શ્રી કરેલા કાર્યો ની છણાવટ કરીને સંપૂર્ણ ટેકો પ્રદ્યુમલસિંહ એમ જાડેજા ને નામની જાહેરાત કરવામાં આવી હતી જેમાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો અગ્રણીઓ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા

પટેલ સમાજની રાજકીય ભૂલ

તમામ જ્ઞાતિઓનો અભ્યાસ કર્યા પછી અમારું તારણ છે કે સૌથી સરળ, નીતિમાન અને સૌ સાથે હળી મળીને રહેનાર પટેલ સમાજ છે. પટેલોના ગામમાં તમામ જ્ઞાતિ સ્વાભિમાન, સુરક્ષા, શાંતિથી જીવીને વધુમાં વધુ વિકાસ કરી શકે છે. અન્ય પ્રજાને સૌથી વધુ સહકાર, રોજગારી અને જરૂરીયાત કે વિકાસમાં સાથ પટેલો એ જ આપ્યો છે.

2007 અને 2012માં નેતાઓના બેહકાવામાં આવીને જીપીપી ઊભું કરીને જ્ઞાતિવાદથી મતદાન કર્યું. જેથી માત્ર બે જ સીટ આવી. અને ઉમદા પટેલ સમાજને જ્ઞાતિવાદીની છાપ લાગી ગઈ.*અનામતના અન્યાયથી અનામત આંદોલન કર્યું. ત્યારે પણ રાજકી પક્ષોની તાકાત અને રાષ્ટ્ર નીતિને ભૂલીને ઇસ 2017 માં સત્તાપક્ષથી વિરૂદ્ધમાં મતદાન કર્યું. શાસક પક્ષને પરાજિત ન કરી શક્યા, ફરીને જ્ઞાતિવાદનું લેબલ લાગ્યું. જ્ઞાતિવાદ સર્વ વિનાશકાની છે એ તમામ જ્ઞાતિઓના રાજકીય સામાજિક આગેવાનોએ સમજવું જરૂરી છે. જેઓ માટે ભાજપ વિરૂદ્ધ મતદાન કર્યું એવા હાર્દિક પટેલથી લઈને ઘણા ભાજપમાં ઘૂસી ગયા. જે પટેલ સમાજે ભાજપને નૈતિક અને આર્થિક જંગી સમર્થન આપીને ગુજરાતમાં ગાદીએ લાવ્યા એ સમાજને ભાજપ વિરોધી છાપ આપતા ગયા.

3. આ ચૂંટણીમાં આમ આદમી પક્ષની ઝીરો થી ચાર સીટ જ આવવાની છે. તેના નેતાઓ જ નિશ્ચિત હારે છે. છતાં રાજકીય દ્રષ્ટિ વગરની પટેલ પ્રજા જ મહત્તમ સાવરણા પછાડે છે.*મતદાન માત્ર સ્થાનિક પ્રશ્નોને લઈને જ કરવાનું ન હોય. રાષ્ટ્રનું હિત મુખ્ય હોય છે. હિન્દુ પ્રજા માટે સૌથી જોખમનું પરિબળ ઇસ્લામિક આતંકવાદ, રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ અને ખ્રિસ્તીકરણ છે. એથી જ એ પ્રજા સમગ્ર ભારતમાં હંમેશા ભારત અને હિન્દુત્વને મજબૂત કરનાર ભાજપ વિરૂદ્ધના પક્ષોને જ મતદાન કરે છે. લારીવાળા મુસલમાન કરતા પટેલ જ્ઞાતિના ગામથી લઈને પ્રદેશના આગેવાનોમાં રાજકીરય દ્રષ્ટિકોણનો અભાવ 15 વર્ષથી જોવા મળે છે.

*પટેલ સમાજના અને તમામ જ્ઞાતિના લોકોને અમારી અપીલ છે કે મોંઘવારી, બેરોજગારીની વાતો સાવ બકવાસ છે. ગુજરાતનો અને પટેલ સમાજનો વિકમી વિકાસ ભાજપના છેલ્લા 27 વર્ષના શાસનમાં જ થયો છે. ગામે ગામ ગુંડાગીરી, વાડીઓમાં ચોરી અને અનેક અત્યાચારો ભાજપનું શાસન આવતા બંધ થયા છે. જે નવી પેઢીને ખબર જ નથી. પટેલો અને ગુજરાતીઓ વિશ્વની સૌથી મહેનતુ અને સ્વાવલંબી પ્રજા છીએ આપણે મફતનું લઈને સુખી નથી થવું. જે પક્ષ કોમી તોફાનો, આતંકવાદ, ગુંડાઓથી સુરક્ષા કરી શકે તેના શાસનમાં આર્થિક વિકાસ તો આપણે હાથે જ કરી શકીશું. એજ સાચો વિકાસ અને સ્વાભિમાન છે.

કોંગ્રેસના શાસનમાં 50 વીઘાનો ખેડૂત પાકા મકાન, સાયકલ અને ઘરમાં વાસણ પાગરણ સિવાય કોઈ સાધન વગરનો અને સંપૂર્ણ અસુરક્ષિત હતો. આજે જાતે મહેનત કરનારો નિરવ્યસની 10 વીઘાનો ખેડૂત પાકું મકાન, નવું વાહન અને તમામ સુવિધા સાથે ગુંડાઓના ભાય વગર સુરક્ષિત જીવે છે.

કોંગ્રેસના શાસનમાં ઇસ.1990થી 94માં એક એકર જમીનના ભાવ 25000 થી 50,000 હતા. આજે એ જ જમીન 15 થી 30 લાખની એકર થઈ છે. સાથે ખેતપેદાશોના ભાવ પણ ઘણા વધ્યા છે. ત્યારે ખેતી ઓજારો - રાસાયણિક ખાતર ડીઝલના ભાવ આ પ્રમાણે વધ્યા છે ખરા ? ખેડૂતના પોષક અને તેને ગેરમાર્ગે દોરનારા કોણ છે એ ખેડૂતો જાતે નક્કી કરે.

રાજધર્મ ભૂલીને ઇસ્લામિક કટ્ટરવાદ અને ખ્રિસ્તીકરણનું તૃષ્ટિકરણ કરનારા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સમગ્ર હિન્દુ પ્રજા અને રાષ્ટ્રના વિનાશકારી શત્રુઓ છે. ત્યારે એ ખેડૂતો, ગોપાલકો, મજૂરો, દલિતો, અને આદિવાસીઓના મિત્ર ગણાય ખરા ?

કોઈના બે હકાવવામાં આવ્યા વગર કિસાન, ગામડું, શહેર, ગુજરાતની શાંતિ- સુરક્ષા અને વિકાસને ઓળખીને અચૂક મતદાન કરીએ અને સૌને કરાવીએ. કિસાનથી લઈને રાષ્ટ્ર અને સંસ્કૃતિના પોષક અને રક્ષક ભાજપને ઐતિહાસિક વીજય અપાવીએ. એમાં જ ગુજરાત અને દેશનું ભલું છે. રાષ્ટ્ર અને સંસ્કૃતિના વિકરાળ પ્રશ્નો કોંગ્રેસે આજ સુધી ઉકેલ્યા નથી, ઉલટાના ઉભા કર્યા છે ત્યારે આશાનું એકમાત્ર કિરણ ભાજપ છે. જ્ઞાતિવાદ જાતિવાદ છોડો સંસ્કૃતિ ધર્મ રાષ્ટ્રધર્મ ભાજપ તરફી મતદાન કરાવવા વિનંતી છે. એ આપની ગુજરાત ભક્તિ, રાષ્ટ્રભક્તિ અને સંસ્કૃતિ ભક્તિ હશે.

-રાષ્ટ્રભક્ત ગ્રુપનો સંયુક્ત સંદેશો

આપ નાં ધારાસભ્ય નાં ઉમેદવાર ને બેસાડી દેવાનું ઓપરેશન

કચ્છમાં પ્રથમ તબક્કા દરમિયાન યોજાનાર મતદાનને હવે ગણતરીના દિવસો રહ્યા છે તેવામાં અબડાસા બેઠકના આમ આદમી પાર્ટી (આપ)ના ઉમેદવારને બેસાડી દેવાનું એક ગુપ્ત ઓપરેશન રવિવારે હાથ ધરવામાં આવ્યું હતું. જેને પગલે આપ ના ઉમેદવાર વસંત ખેતાણી ભેદી રીતે ગાયબ થઈ હતા અને તેમનો મોબાઈલ ફોન પણ બંધ આવતો હતો.

આ સમગ્ર ઓપરેશન પાછળ કચ્છના પૂર્વ કલેક્ટર રહી ચૂકેલા આઈ.એ.એસ. અધિકારી એવા ગુજરાત ભાજપના ઉપાધ્યક્ષ મહેન્દ્રનો હાથ હોવાનું માનવામાં આવી રહ્યું છે. અબડાસા બેઠકમાં ત્રણ તાલુકા આવે છે. અને